Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH




Vol-1 * Issue-2

January-2001

પોષ

જાન્યુઆરી-૨૦૦૧

આત્મ સંવત : ૧૦૫

વીર સંવત : ૨૫૨૭

વિક્રમ સંવત : ૨૦૫૭

પુસ્તક : ૯૮


प्रभवन्त्यखिला दोषा लोभाल्लोभे च नश्यति- ।
नश्यन्ति, लोभनिर्जेता विश्वजित् पुरुषोत्तमः ।।

*

બધા દોષો લોભમાંથી જન્મે છે અને લોભનો નાશ થતાં બધા દોષોનો નાશ થઈ જાય છે. નિઃસંદેહ, લોભને જીતનાર વિશ્વજિત્ છે, પુરુષોત્તમ છે. ૩૫

*

Greed is the source of all vices. The destruction of the former leaves no scope for the advent of the latter. He who is the conqueror of greed, is the conqueror of the world and is a man of the supreme type. 35

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૩૫, પૃષ્ઠ ૧૩૦)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પ્રભુ મહાવીરની વાણી | મુકેશ સરવૈયા | ૧ |
| (૨) | ધ્યાન એટલે સ્વભાવમાં સ્થિર થવું, અંદરની ચેતનાને સહી માર્ગે વાળવી | મહેન્દ્ર પુનાતર | ૨ |
| (૩) | હિમાલયની પત્રયાત્રા | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૫ |
| (૪) | પશુપાલક-ભાવનગરના મહારાજ શ્રી કૃષ્ણકુમારસિંહજી | નાનજી ભવાનજી | ૮ |
| (૫) | કાળ | નરોત્તમદાસ અમુલખરાય કપાસી | ૧૨ |
| (૬) | તીર્થ વંદના | હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | ૧૫ |
| (૭) | જાગતા રે'જો | આ.શ્રી વિજયમહિમાપ્રભસૂરીશ્વરજી મ. | ૧૭ |
| (૮) | પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો (ગતાંકથી ચાલુ હપ્તો : ૨૨મો) | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૨૧ |


**આ સભાના નવા આજીવન સભ્યશ્રી**

નિકેતકુમાર રાજીવભાઈ કાપડિયા - અમદાવાદ

કિર્તનકુમાર સંજયભાઈ કાપડિયા - ભાવનગર

કુમુદબેન ધનજીભાઈ ભાવસાર - ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર
**શ્રી જૈન આત્માનંદ સભા**
ભાવનગરનું મુખપત્ર
**શ્રી આત્માનંદ પ્રકાશ**
તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ
ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫
**: માલિક તથા પ્રકાશન સ્થળ :**
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,
ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. (૦૨૭૮) ૫૬૧૬૯૮
*
સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦
*
**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**
આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦
અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦
શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાન ખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.
: ચેક ડ્રાફ્ટ :
શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**
(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) હિંમતલાલ એ. મોતીવાળા—મંત્રી
(૪) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૫) ભાસ્કરરાય વી. વકીલ—મંત્રી
(૬) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

# પ્રભુ મહાવીરની વાણી

સુખ છે થોડું ને દુઃખ છે ઝાઝું, એવો આ સંસાર,
જીવતરમાં જ્યારે ઝાળ લાગે ને, અંગે ઉઠે અંગાર;
છાટે ત્યારે શીતલ પાણી, એવી મારા વીરની વાણી.૧

રાગ નથી એને દ્વેષ નથી, એ તો પ્રેમનો પારાવાર,
નિશદિન કાળજડેથી વરસે, કરુણા કેરી ધાર;
શાતા પામે સઘળા પ્રાણી, એવી મારા વીરની વાણી.૨

ચંડકૌશિકના ઝેર ઉતાર્યાં, તારી ચંદનબાળા,
ગૌતમનો પણ ગર્વ ઉતાર્યો, વેણ સુણાવી મર્માળા;
જાણે સ્નેહની સરવાણી, એવી મારા વીરની વાણી. ૩

રોજના છ-છ ખૂન કરીને, આવતો અર્જુન માળી,
વહાલ ભરેલા વીરના વચનો, સુણી થયો ઉજમાળી;
શિખામણ આપતી શાણી, એવી મારા વીરની વાણી.૪

દીન દુઃખીને સુખી કરવાનો, મારગ એ બતલાવે,
જાદુ ભરેલા વેણ કહીને, પાપીને પીગળાવે;
પાષાણને કરતી પાણી, એવી મારા વીરની વાણી. ૫

મંગલકારી વીરની વાણી, જાણે અમૃત ધાર,
ઝીલી શકે ના અંતર જેના, એળે ગયો અવતાર;
જાણી એને મોક્ષ પ્રમાણી, એવી મારા વીરની વાણી. ૬

*રજૂઆત : મુકેશ સરવૈયા.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધ્યાન એટલે સ્વભાવમાં સ્થિર થવું, અંદરની ચેતનાને સહી માર્ગે વાળવી

—મહેન્દ્ર પુનાતર

અંતરતપનું પાંચમું ચરણ છે ધ્યાન. જેઓ અગાઉના તપને સમજી શક્યા છે તેમને માટે ધ્યાનને સમજવું એટલું કઠિન નહીં થઈ પડે. ધ્યાન પણ અંતરમાં ઉતરવાની પ્રક્રિયા છે. અંતરતપને બાહ્ય વસ્તુ સાથે સંબંધ નથી. ભીતરમાં જે કાંઈ છે તેની સાથે સંબંધ છે. એક વસ્તુ સમજી લેવી જોઈએ કે ધ્યાન અંગે ગમે તેટલું કહેવામાં આવે અને ગમે તેટલો અભ્યાસ કરીએ તો પણ અનુભવ અને અનુભૂતિ વગર તેને સમજી શકાય નહીં, તેનો સ્વાદ માણી શકાય નહીં. પ્રેમની બાબતમાં કોઈ ગમે તેટલું કહે પરંતુ જ્યાં સુધી તમે કોઈને દિલોજાનથી ચાહો નહીં ત્યાં સુધી પ્રેમ શું છે એ સમજી શકો નહીં. ધ્યાન એ સંપૂર્ણ અનુભવની બાબત છે. પાણીમાં પડ્યા વગર તરતા શીખી ન શકાય એવી આ બાબત છે.

ધ્યાનનો દેખીતો અર્થ જે બતાવવામાં આવ્યો છે તે છે 'વિચાર ચિત્તના યોગથી એકાગ્રતાથી વિચાર કરવો અથવા ચિત્તને રોકવું. આ બે પ્રકારનું ધ્યાન કહેવાય છે. જૈન શાસ્ત્રમાં ચાર પ્રકારના ધ્યાન કહ્યાં છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. સંસાર સંબંધી શરીર, ધન, મિલકત, વ્યાપાર—રોજગાર, પુત્ર, પરિવાર વગેરે બાબતનું જે ધ્યાન થાય છે તે આર્ત અને રૌદ્રધ્યાન છે. આ બે પ્રકારના ધ્યાન તપરૂપે કહેવાતા નથી કારણ કે તેનાથી કર્મો છૂટતા નથી બલ્કે વધે છે. ધર્મધ્યાન અને શુકલધ્યાન એ આત્મશુદ્ધિનું કારણ છે એટલે આ બે તપોને ધ્યાન કહેવામાં આવ્યું છે. આમ દાન, શીલ, તપ, ભાવ, પરોપકાર, દયા વગેરે સંબંધી વિચારો કરવા એ ધર્મધ્યાન છે. શુકલધ્યાન બહુ જ ઉચ્ચ કોટિનું છે. જે આત્મા અત્યંત શુદ્ધ હોય તેને જ આ શુકલધ્યાન થાય છે.'

ધ્યાનનો આ દેખીતો અર્થ છે પરંતુ આપણે તેનો ગર્ભિત અર્થ સમજવો પડશે. ધ્યાન એટલે આપણી અંદર રહેલી ચેતનાઓને સહી માર્ગે વાળવી અને આપણો જે કાંઈ સ્વભાવ છે તેમાં સ્થિર થઇ જવું. ધ્યાન માટે સૌપ્રથમ એ ખ્યાલ રાખવાનો છે કે તે ખોટા માર્ગે વળી ન જાય. ચેતના બહારની વસ્તુઓ પ્રત્યે કેન્દ્રિત ન થઇ જાય. ચેતના જેના પ્રત્યે કેન્દ્રિત થઈ જાય છે તેના પ્રત્યે મોહ ઉત્પન્ન થાય છે અને તે પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે માણસ પાગલ જેવો બની જાય છે. સમગ્ર ચેતનાનું કેન્દ્ર તે વ્યક્તિ કે વસ્તુ બની જાય છે. કોઈનું ધ્યાન સ્ત્રીમાં, કોઈનું ધનમાં, તો કોઈનું પદ પ્રતિષ્ઠામાં કેન્દ્રિત થઈ જાય છે. આ ગલત ધ્યાન છે. મોટેભાગે આપણી ચેતનાઓ બીજા તરફ કેન્દ્રિત થયેલી હોય છે તેને ભીતરમાં વાળવી એનું નામ ધ્યાન. ધ્યાન જયારે સીમિત બની જાય છે ત્યારે તેની ગતિ અટકી જાય છે તેનો પ્રવાહ રૂંધાઈ જાય છે.

જે ધ્યાન બહારની વસ્તુઓ પર કેન્દ્રિત થાય છે તેમાંથી કશું નિષ્પન્ન થતું નથી. હકીકતમાં તે વસ્તુ પ્રાપ્ત પણ થતી નથી અને પ્રાપ્ત થાય તો પણ ટકતી નથી. જે કાંઈ બીજું છે તે પોતાનું થઈ શકે નહીં. બીજાને પ્રાપ્ત કરવાનો કોઇ ઉપાય નથી. સ્વયં સિવાય કશું ઉપલબ્ધ થઇ શકે નહીં. મારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વભાવ એ મારો પોતાનો છે. ઊભો થઈ શકે છે અને ભ્રમ એ મારો પોતાનો છે. જે મારો સ્વભાવ નથી એ મારો કદી થઈ શકવાનો નથી. આ બધું મારું છે એવો ભ્રમ ઊભો થઈ શકે છે અને ભ્રમ ભાંગે છે ત્યારે દુઃખ ઊભું થાય છે. સારી દુનિયા આ ભ્રમમાં જીવી રહી છે. કોઇ ચીજ કદી કોઇની થઈ નથી અને થશે નહીં. આપણા સ્વભાવ સિવાય આપણું પોતાનું કશું નથી.

માણસ હંમેશાં શાંતિ ઝંખે છે પરંતુ અશાંતિ જેમાંથી ઊભી થાય છે તે છોડવા તૈયાર નથી તેથી શાંતિ ઉપલબ્ધ થતી નથી. ધ્યાનનો અર્થ ભીતરમાં દૃષ્ટિ કરીને અશાંતિને દૂર કરવાનો છે.

ગલત ધ્યાનનો અર્થ એ છે કે આપણી બહારની કોઈપણ ચીજ પર એકાગ્ર થઈ જવું. બીજા તરફ વહેતી ચેતના એ ખોટું ધ્યાન છે. પ્રાર્થના અને ધ્યાનમાં ફરક છે. પ્રાર્થનામાં અરજ અને કાંઈ સહાયની અપેક્ષા છે. ધ્યાનમાં કોઈ અપેક્ષા કે માગણી નથી. ભગવાન મહાવીરે કહ્યું છે, 'બીજા તરફથી મળશે એ તમારું કદી થઈ શકશે નહીં. એ મળશે નહીં અને કદાચ મળી જાય તો પણ એ તમારું થઈ શકશે નહીં. આજ અથવા કાલ એ છૂટી જશે અને દુઃખ પીડા નિર્માણ કરશે.' બીજા સાથેનો જે કાંઈ સંબંધ છે તે તૂટી શકે છે. જે બની શકે છે તે બગડી શકે છે. આપણી ભીતરમાં કશું બન્યું નથી એટલે તે બગડવાનો કે મટી જવાનો કોઈ સંભવ નથી.

મહાવીરનો ધ્યાનનો અર્થ છે સ્વભાવમાં સ્થિર થઇ જવું, બહાર ન જવું. ધ્યાન કોઈના પ્રત્યે કરવાનું નથી. ધ્યાન બીજાનામાંથી ઉઠાવી લઈને પોતાનામાં સ્થિર કરવાનું છે. ભગવાન મહાવીરે તેને 'સામાયિક' નામ આપ્યું છે, જયારે કોઈ વ્યક્તિ આત્મા પ્રત્યે લીન બને છે તેનું નામ સામાયિક. શરીર અને મન બન્ને યાત્રા કરે છે. શરીર સ્થાનમાં યાત્રા કરે છે અને મન સમયમાં યાત્રા કરે છે. ચેતનાની ગતિ સમય છે. મહાવીરે ચેતનાને સમય કહ્યો છે અને ધ્યાનને સામાયિક કહી છે. શરીરની સારી ગતિ અટકી જાય એનું નામ આસન અને મનની સારી ગતિ અટકી જાય એનું નામ ધ્યાન. ચેતન અને અચેતન મનમાં સતત વિચારો ઉડતા રહે છે. જેટલાં હિસ્સામાં ધ્યાન પડે છે. તેટલા હિસ્સામાં વિચાર કણો માલૂમ પડે છે. જેટલા હિસ્સામાં ધ્યાન પડતું નથી તેટલા હિસ્સામાં તેનો ખ્યાલ આવતો નથી. નિદ્રા એ વિચારોને દબાવી દેવાનું ઢાંકણું છે. બેહોશીમાં પણ વિચારો ઉઠતા નથી. વિચારોથી પીડિત લોકો આત્મસંમોહનનો માર્ગ અપનાવે છે, પરંતુ આ ધ્યાન નથી. ચેતનાને બુઝાવી દેવી એ ધ્યાન નથી. મૂર્ચ્છાનો પ્રયોગ એ ધ્યાનનો પ્રયોગ નથી. તેનાથી કોઇ ક્રાંતિ ઘટતી નથી.

ધ્યાનના અર્થ બે છે : એક છે વિશ્રામ. તેમાં શરીરના અંગોને ઢીલા છોડીને એકાગ્રતા સાધીને ચેતનાઓને પોતાના તરફ વાળવાની હોય છે. આમાં માણસ મોટેભાગે નિદ્રામાં સરકી જાય છે. જાગૃતિ રહેતી નથી. બીજો માર્ગ કષ્ટપૂર્વક, શ્રમપૂર્વક વિશ્રામમાં જવાનો છે. વિશ્રામપૂર્વક નહીં. આમાં શરીરને ચુસ્ત અને કષ્ટમય રાખવાનું છે અને પરાકાષ્ઠા ઉભી કરવાની છે, જયારે પરાકાષ્ઠા આવી જાય છે ત્યારે શ્રમ વિશ્રામ બની જાય છે. મહાવીરે ધ્યાનનો આ બીજો માર્ગ બતાવ્યો છે. તેમાં સતત જાગૃતિ છે અને સાથે સાથે તપ - સાધના છે. આમાં વિક્ષિપ્ત નહીં થઈ શકાય. આ માટે અગાઉના તપના દસ ચરણો અનિવાર્ય છે.

ધ્યાનની પ્રક્રિયામાં સ્મરણ, પ્રતિક્રમણ અને જાતિસ્મરણ આ ત્રણ બાબતો મહત્ત્વની છે. સ્મરણ-સ્મૃતિ આંશિક હોય છે. દિવસભરની કોઈપણ ઘટનાના મહત્ત્વના પાસાં યાદ રહે છે. બીજા પાસાંઓ ભુલાઈ જાય છે. ધ્યાન દ્વારા તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્મરણ થાય છે. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. જે ઘટના બની હોય ત્યારથી માંડીને અત્યાર સુધી તેને આત્મસાત્ કરવી. આમાં જે જે ભૂલો અને ક્ષતિઓ થઈ હોય તે નજર સમક્ષ આવે છે. જાતિ-સ્મરણ એટલે આ ઘટનાને ફરીથી તાદશ્ય કરવી અને એ સમયને ફરીથી જીવી લેવો, તેને ફરીથી માણવો, તેનાં તમામ સ્પંદનોને ફરીથી તાજાં કરવા. આ પ્રક્રિયા દ્વારા અતીત અને ભવિષ્ય છૂટી જાય છે. તમામ ચેતનાઓ પોતાના તરફ કેન્દ્રિત થાય છે. નિદ્રા સ્વપ્નો વગરની બને છે અને જાગરણની સ્થિતિમાં માણસ પહોંચી જાય છે અને વિચારો શમી જાય છે.

ધ્યાનને જાત-અનુભવ અને અનુભૂતિ વગર સમજી શકાય નહીં. બીજાનો અનુભવ એમાં કામ આવે નહીં. ધ્યાનનો મૂળભૂત અર્થ છે આપણી અંદર રહેલી ચેતનાને યોગ્ય માર્ગે વાળવી. ધ્યાન બહારની વસ્તુઓમાંથી હટાવીને અંદર વાળવું અને સ્વભાવમાં સ્થિર થઇ જવું.

હવે પછી અંતરતપના છેલ્લાં ચરણ કાર્યોત્સર્ગ અંગે સમજવાની કોશીશ કરીશું.

(મુંબઈ સમાચાર તા. ૧૮-૧૦-૯૮ના
જિન-દર્શન વિભાગમાંથી
જિનહિતાર્થે આભાર)




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દિપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિમાલયની પત્રયાત્રા

**પત્ર-૨ લેખક : મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ**

**પ્રેષક : પૂ. આ.શ્રી પદ્યુમ્નસૂરિજી મ.**

**કૌડિયાલા** **વૈશાખ વદ-૬**

વંદના.

શિવપુરીથી વૈશાખવદિ પાંચમે સવારે નીકળ્યા. ત્યાંથી સાત કિલોમીટર દૂર ગંગાકિનારે વશિષ્ઠ ગુરૂ અને વશિષ્ઠ આશ્રમ છે. પણ સડકથી બહુ નીચે ઉતરવું પડે છે. વળી સામાન્ય રીતે ત્યાંના મહંત કોઈને ઉતરવા દેતાં નથી. નીચે ઉતરવાનું કઠિન તથા ચડવાનું પણ કઠિન. વળી ટૂંકો વિહાર કરીને જ બેસી રહેવાનું થાય એટલે બ્યાસી જવા નીકળ્યા. બ્યાસી શિવપુરીથી ૧૬-૧૭ કિલોમીટર થાય. પહેલાંની જેમ જ પહાડોમાંથી ચાલવાનું પણ સડક ઘણી સાંકડી. મોટરો-વેકેશન હોવાથી યાત્રાળુઓની દોડ્યા જ કરે. ગંગાના કિનારે કિનારે ચાલવાનું બહુ નજીકના પહાડોમાંથી પસાર થતી ગંગા મૈયા ક્યારેક સાવ નાની નહેર જેવી બની જાય, વળી થોડી વિશાળ જગ્યા આવે તો નદી જેવી લાગે. એક બાજુ ઊંચા ઊંચા પહાડ, બીજી બાજુ ઊંડી ખીણમાં ગંગા વહે. કાશ્મીરના કારગિલ જેવો અનુભવ થયો. કારગિલમાં બરફ હોય છે, અહીં બરફ નથી એટલો તફાવત. પહાડ તરફની દિશામાં જ ચાલવાનું, સતત સાવધ રહેવાનું વારંવાર જુદી જુદી જાતનાં બોર્ડો લખેલાં જોવા મળે. ઉદાહરણથી **નજર હટી, દુર્ઘટના ઘટી** નજર જરાક ખસી તો અકસ્માત થયો જ સમજો. "Speeding Driver! your family awaits you" ઉતાવળ કરતાં ડ્રાઈવર ! ધ્યાન રાખો કે તમારું કુટુંબ ઘેર તમારી રાહ જુએ છે. "In the service of drive slowly" 'ધીમે હાંકો, એ દેશની સેવા ગણાશે' વગેરે--વગેરે જાત-જાતનાં સૂત્રો ઠામ-ઠામ લખેલાં હોય છે. અવાર--નવાર અકસ્માતો થતા હોય છે. અકસ્માત થાય ત્યારે બસોના યાત્રીઓ મોટા લાગે કરુણ રીતે મૃત્યુના મુખમાં ધકેલાઈ જાય છે માટે **कृपया शराब पीकर वाहन न चलाये** એવા આશયનાં પાટિયાં રસ્તા ઉપર લગાડેલાં હોય છે.

ચડાણવાળો ઘણે સ્થળે રસ્તો. રસ્તામાં તંબુ ઊભા કરવા જેટલી પણ જગ્યા ખાસ ન મળે. એટલે ચાલ્યા તો ખરા પણ હાંફી જઈએ. એટલે વળી થોડી વાર ઊભા રહીએ. અમે બધાં લગભગ થાકીને લોથ-પોથ થઈ ગયા. પગે ગોટલા બાઝી ગયા. છેવટે બ્યાસી આવ્યા. ત્યાં **वन चेतना केन्द्र** (ફોરેસ્ટ હાઉસ) છે. ઉપરથી રજા ન મળે ત્યાં સુધી ઉતરવાની જગ્યા ન આપું, એમ એના સંરક્ષકે કહ્યું. મકાનની બહાર ઝૂંપડીમાં મુકામ કર્યો. કોઈક વળી ચાલવાના રસ્તા ઉપર થાક્યા હતા તેથી સુતા. થોડીવાર પછી જોરદાર વરસાદ ઓચિંતો શરૂ થયો. બધાં ઉઠીને એકદમ ભાગ્યા. અને તંબુમાં--ઝુંપડીમાં ગમે ત્યાં ગોઠવાઈ ગયાં. સવારે લગભગ બાર વાગ્યાના સુમારે આ રીતે થયું. પછી સાંજે વન સંરક્ષકે મોટા રૂમો ખોલી આપ્યા એટલે રાત ત્યાં પસાર કરી, બ્યાસી સાત કિલોમીટર કવડિયાલા ગામે આજે આવ્યા છીએ. ગંગા માતાના કીનારે જ એક મંદિર છે. બાજુમાં રૂમ છે. રૂમ ખોલી આપ્યો નહીં. એટલે રૂમના ધાબામાં અમે બેઠા છીએ. સાધ્વીજીઓએ મંદિરના ઘુમ્મટ નીચે આગળ પાછળ મુકામ કર્યો છે. તડકાથી બચવા માટે, માથા ઉપર એક જાડુ તંબુનું કાપડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોકે બાંધ્યું છે, તો યે તાપ' તો લાગે જ છે. આ ધાબા ઉપરથી જ આ પત્ર તમને લખી રહ્યો છું.

આવા પ્રદેશમાં વિચરનારને કેવા કેવા અનુભવમાંથી પસાર થવું પડે છે તેનો તમને ખ્યાલ આવે એટલા પૂરતું જ જણાવ્યું છે. સામે જ ગંગાનો વિશાળ પટ છે. ગંગા નદીમાંથી જ માની લો કે આ પત્ર તમને લખી રહ્યો છું. આ એક પ્રકારનું અમારું ભગવાનની કૃપાથી થયેલું સાહસ છે. છતાં સાહસમાં અને જાત--જાતની અગવડોમાં પણ બધાને ખૂબ આનંદ છે. મુશ્કેલીઓમાં ભગવાનની-ગુરુદેવની કૃપાથી અણધાર્યા રસ્તા નીકળી જાય છે ત્યારે વધારે આનંદ આવે છે. જૈનેતર બાવાઓ--સંન્યાસીઓ પોતાના બિસ્તરાં ઉપાડીને થોકબંધ બદરીનાથ તરફ જતા જોવા મળે છે. પચીસ--પચીસ, ત્રીસ--ત્રીસ કિલોમીટરનાં અંતરે ભોજનના વ્યવસ્થાવાળા તેમના માટે સ્થાનો હોય છે. આ ભોજનને પંગત કહેવામાં આવે છે. પંગતના સમયે બાવાજીઓએ પહોંચવું જ પડે. માટે તો અહી કહેવાય છે કે पंगत चूक्या साधु और डाली चूक्या वंदर, कहीं का रहता नहि પંગત ચૂકેલો સાધુ તથા ડાળ ચૂકેલો વાંદરો કોઈ ઠેકાણાનો રહેતો નથી. રસ્તામાં પ્રવાસીઓ પણ આ બાવાઓને બિસ્કિટ, ફળ આદિ વહેંચતા હોય છે. આ જાતની દાનની પ્રવૃત્તિ અહીં મોટા પ્રમાણમાં ચાલે છે.

આની સાથે સરખામણી કરતાં એમ નિરંતર લાગે છે કે આખો જૈનસંઘ સાધુ--સાધ્વીઓની કેટલી બધી સંભાળ રાખે છે. કેટલી બધી અપાર સેવા કરે છે. આપણી સાધનામાં નિરંતર ખડે પગે સહાય કરતો જૈનસંઘ જોઈએ ત્યારે મસ્તક નમી જાય છે. ઋષિકેશ તથા હરદ્વારમાં સેંકડો--હજારો બાવાઓ જોવા મળે કે જેનું ભિક્ષુક જેવું જ મૂલ્ય હોય છે. ગમે તેવા પણ સાધુ--સાધ્વીઓનું જૈનસંઘમાં જે ગૌરવભર્યું સ્થાન છે તે અત્યંત આશ્ચર્યકારક છે. ખરેખર જરૂર હોય તો આ ગૌરવભર્યા સ્થાનને માટે આપણે યોગ્ય થઇએ અને તેને શોભાવીએ તેની છે. જૈનસંઘ જે આપણી સેવા કરે છે તેને સતમુખે શોભાવીએ એ આપણી ખાસ ફરજ છે. સતત આરાધના--નિસ્પૃહતા--સંઘમાં શાંતિ-નિરભિમાનતા - નિરાડંબરતા - નિરાગ્રહતા-નિષ્પક્ષતા-વિશાળતા-નમ્રતા-ઉદારતા વગેરે ગુણો ઉપર આપણે ધ્યાન આપીએ એ ખૂબ ખૂબ જરૂરી છે. सुज्ञेपु किं वहुना ?

સાધુ-સાધ્વીઓ તથા **શાસન માટે** પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દેનાર **આપણા જૈનસંઘ** માટે ખૂબ જ માન પ્રગટ થાય છે.

આજે વૈશાખવદિ છઠે સિદ્ધાચલ ઉપર (પાલીતાણામાં) આદીશ્વર દાદાની વર્ષગાંઠ છે. અહીં આદીશ્વર દાદાની ભૂમિ તરફ જઇ રહ્યા છીએ. *(ક્રમશઃ)*

## શોકાંજલિ

ભાવનગરનિવાસી શેઠશ્રી ધીરજલાલ પ્રભુદાસ વેલાણી (ઉ.વ. ૬૮) ગત તા. ૮-૧-૨૦૦૧ને સોમવારના રોજ અરિહંત શરણ થયા છે.

તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી અને મમતા ધરાવતા હતા. આ ઉપરાંત તેઓશ્રી શાસ્ત્રીનગર જૈન સંઘના અગ્રણી હતા. સ્વ. મિલનસાર અને ધાર્મિક પ્રવૃત્તિ ધરાવતા હતા અને અનેક સામાજિક સંસ્થાઓ અને ધાર્મિક સ્થાનોમાં ઉદાર સખાવત કરતા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે, સાથે-સાથે સદ્ગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ.*

*શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંપત્તિનો સદ્વ્યય

સાગરે એક દિવસે વાદળને પૂછ્યું : "વાદળ, મારું સ્થાન આટલું બધું નીચું કેમ છે? મને શું તારા જેવું ઊંચું સ્થાન ન મળે?"

વાદળે હસતાં હસતાં જવાબ આપ્યો કે "ભાઈ, દુનિયા અહીં તેને જ ઊંચું સ્થાન આપે છે કે જે લોકકલ્યાણ કરે, લોકોના હૃદયની તરસ છીપાવે, જ્યારે તું તો ખારો છે. તારી પાસે પાણીની અગાધ શક્તિ છે પણ તે શા કામની ? તેનાથી ફક્ત તું જ તૃપ્ત છે, બીજાને શું ફાયદો ? જો હું વરસું છું તો માનવ હૈયાઓ હરખાઈ ઉઠે છે ! પ્રકૃતિનાં બધા તત્ત્વો નાચી ઉઠે છે. બોલ છે તારામાં આવી શક્તિ ?

પ્રત્યેક મનુષ્યે પોતાના જ સુખનો વિચાર ન કરતાં બીજાનો પણ વિચાર કરવો જોઈએ. સુખની સંપત્તિ વહેંચવાથી તે ઘટે છે જરૂર, પરંતુ તેનાથી અનેકનાં હૃદય લીલાછમ થાય છે તે ભૂલવું ન જોઈએ. માટે સંપત્તિનો સદ્વ્યય કરતાં શીખો.

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પશુપાલક-ભાવનગરના મહારાજ શ્રી કૃષ્ણકુમારસિંહજી

સંકલન: નાનજી ભવાનજી, કોલ્હાપુર

બ્રાઝિલમાં ''પરાના'' નામે પ્રાંત છે. એ પ્રાંતમાં ''કૃષ્ણનગર'' નામનું ગામ વસાવવામાં આવ્યું છે અને આ ગામને તાલુકા મથક સાથે જોડાતા રોડને ''કૃષ્ણકુમાર રોડ'' નામ આપવામાં આવ્યું છે.

આ ગામમાં ભાવનગરનાં મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીનું બાવલું મૂકવામાં આવ્યું છે. જેની નીચે બ્રાઝિલની રાષ્ટ્રભાષા સ્પેનિશ ભાષામાં નીચે મુજબ લખવામાં આવ્યું છે.

MAHARAJA SHRI KRISHNAKUMARSINHJI BHAVNAGAR (INDIA)
THE MAN WHO GAVE BRAZIL "GIR AND KANKREJ" BREED COWS.
THE NATION IS GRATEFUL TO HIM.

બ્રાઝિલ એટલે ભારત જેવો વિશાળ દેશ. ત્યાં આપણી ગંગા - યમુના કરતાં મોટી નદી એમેઝોન વહે છે. જંગલો અને ખેતીની પેદાશનો દેશ. દક્ષિણ અમેરિકાનાં બે દેશો - આર્જેન્ટિના અને બ્રાઝિલમાં ઘઉંનું મોટું ઉત્પાદન થાય છે અને ત્યાં દૂધ અને દૂધ--પેદાશો પણ સારા પ્રમાણમાં થાય છે. બહુ જ ઓછા દેશોમાં ખેતી અને પશુપાલનનો સમન્વય કરવામાં આવ્યો છે. પશ્ચિમના દેશોમાં ડેરીઉદ્યોગ ખૂબ વિકાશ પામ્યો છે.

બ્રાઝિલ જેવા દૂરના દેશમાં ભારતના એક રાજવીનું બાવલું મુકી એ રાષ્ટ્રે કદર કરી છે કારણ કે એમણે બ્રાઝિલમાં ''ગીર અને કાંકરેજ'' ગાયોની નસલ ઊભી કરી આપી છે. આજે ભારતમાં ૧૦૦ ટકા ગીર--કાંકરેજ શુદ્ધ ઓલાદની ગાયો - સાંઢો બહુ ઓછી સંખ્યામાં મળશે. જયારે બ્રાઝિલમાં લાખોની સંખ્યામાં ગાયો અને હજારો સાંઢો જોવા મળે છે, જયાં આજથી ૫૦ વર્ષ પહેલાં એક પણ આ પ્રકારની ઓલાદ ન હતી. એનો સઘળો યશ ભાવનગરનાં મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીના પશુપ્રેમ અને એમણે બનાવેલી--જતન કરેલી ગૌશાળાને જાય છે. ભારતની એક ગૌશાળાને કારણે એનું આટલું ગૌરવ થયું. બ્રાઝિલમાં ૫૦ વર્ષના ગાળામાં દૂધની સમસ્યા હળવી કરી નાખી અને આજે બ્રાઝિલમાં દૂધની નદીઓ વહે છે, આવું કહેવું અતિશયોક્તિ નથી. આનો યશ બે વ્યક્તિઓને ફાળે જાય છે. એક બ્રાઝિલનાં ''મિ. પ્રાસીયા સીડ'' અને બીજા ભાવનગરનાં મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી.

મિ. સીડ બ્રાઝિલના ''પરાના'' પ્રાંતમાં મોટે પાયે પશુપાલનનો ધંધો કરતા હતા. તેમને બ્રાઝિલના હવામાનને અનુકૂળ આવે એવી શુદ્ધ ઓલાદની ગાયોની જરૂરત હતી. યુરોપની વર્ણસંકર જાત પ્રત્યે તેમને સુગ હતી. અન્ય કારણોસર પણ તેમને ગાયો શુદ્ધ ઓલાદની ઉછેરવી હતી. તેઓ ભારત આવ્યા અને પંજાબ -સિંધ તથા દક્ષિણ ભારતમાંથી ગાયો--ખૂંટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રાઝિલ લઈ ગયાં. પરંતુ એ પ્રદેશની ઓલાદને બ્રાઝિલનું હવામાન માફક આવ્યું નહિં. કોઈએ એમને સૌરાષ્ટ્ર પ્રદેશની ''ગીર--કાંકરેજ'' ઓલાદની ગાયોને બ્રાઝિલનું હવામાન અનુકૂળ આવશે એવી સલાહ આપી. સૌરાષ્ટ્રના પશુમેળાઓમાં તેઓ ફર્યાં. પરંતુ એમના મનને સમાધાન થાય એવી ઓલાદ મળી નહિં. આખરે એમને માહિતી મળી કે ભાવનગરના મહારાજાની ગૌશાળામાં ઉત્તમોઉત્તમ ઓલાદો મળશે અને મિ. સીડ ભાવનગર આવ્યાં.

ભાવનગરની ગૌશાળા જોઈ મિ. સીડ આશ્ચર્યચકિત થઈ ગયા. મહારાજા કૃષ્ણકુમાર-સિંહજીના પશુપ્રેમે તેમને પ્રભાવિત કરી દીધા. દરેક ઓલાદની વંશ--માહિતીની વિગતો સચવાયેલી હતી. ઢોરોનો ઉછેર, પાલન, વૈજ્ઞાનિક પદ્ધતિથી થતો હતો. જે જે વ્યક્તિ પાસે ઢોર કે પશુ ઉછેરની હથરોટી હતી, તેઓની સેવાઓ ગૌશાળા માટે લેવામાં આવતી. ખુદ મહારાજાશ્રી વખતોવખત ગૌશાળાની મુલાકાત લેતાં. પશુઓ માટેનાં નીરણ, ચારો ખાણ, ચંદી પ્રત્યેક વસ્તુ તેમનાં લક્ષમાં રહેતી. ઘોડા અને ગાયો પ્રત્યે તેમને અસાધારણ પ્રેમ હતો. તેમને ત્યાં આવેલી નબળી વાછરડીનો ઉછેર - જતન એવા થતાં કે એ વાછરડી મોટી થતાં માની ન શકાય કે કોઈની તજાયેલી વાછરડીમાંથી આવી હુષ્ટપુષ્ટ ગાય બની છે. ગૌશાળામાં ઓલાદ સુધારણાની યોજના સાથોસાથ રહેતી. મી. સીડની પશુઓ વિશેની સમજણ અને કાર્યપદ્ધતિથી મહારાજા સાહેબને સંતોષ થયો, એટલે એમને સારી ઓલાદની ગાયો અને ખુંટ બ્રાઝિલ લઈ જવા માટે આપ્યા. મિ. સીડે સહી કરેલો કોરો ચેક મહારાજા સાહેબના હાથમાં આપ્યો, એમાં મન ગમતી રકમ ભરી લેવા કહ્યું. મહારાજા સાહેબે વ્યાજબી રકમ ભરી, એટલે મિ. સિડ ચોક્યાં, કારણ કે ચેકમાં ભરેલી રકમ મિ. સિડની ધારણા કરતાં ૨૫ ટકા જેટલી હતી. મિ. સીડ ડે ખુંટને બ્રાઝિલ લઈ ગયા તેમાંથી જે ધણ ઊભું થયું તેને ''ગીર-કાંકરેજ'' નામ આપવાને બદલે ભાવનગર ઓલાદ નામ અપાયું છે. ખુંટ ગુજરી જતાં એના શરીરને સ્ટફ કરી 'પરાના'નાં મ્યુઝીયમમાં મૂકવામાં આવ્યું છે.

ચાર્ટર્ડ સ્ટીમરમાં ગાયો અને ખુંટ બ્રાઝિલ મોકલવામાં આવ્યા ત્યારે તેમને ભાવભરી વિદાય આપવામાં આવી હતી. જો કે મિ. સીડ પોતે પણ ઉછેરના નિષ્ણાંત હતાં, છતાં મહારાજા સાહેબનું મન માન્યું નહિ. રખે પોતાનાં વહાલાં ઢોરોનાં ઉછેરમાં કચાશ આવી જાય. મિ. સીડ પણ મહારાજા સાહેબનો ભાવ કળી ગયા અને પરિણામે ગૌશાળાના અધિકારી પ્રદીપસિંહ ગોહિલની સેવાની માંગણી કરી. શ્રી પ્રદિપસિંહજી બ્રાજિલ ગયા. ત્યાં રોકાઈ તેમણે મિ. સીડની ડેરીમાં નવા આવેલા ઢોરોની જાળવણી, ઉછેર માટે વ્યવસ્થિત આયોજન કર્યું. હમણાં પ્રદિપસિંહ પ્રતિવર્ષ બ્રાઝિલ જાય છે. મિ. સીડે તેમની સલાહકાર તરીકે નિમણૂક કરી છે.

પ્રદિપસિંહ ગોહિલ આપણાં લે. કર્નલ જીલુભા જાડેજાનાં સુપુત્રનાં મિત્ર થાય છે અને તેઓએ જીલુભા બાપુ જોડે બ્રાઝિલમાં ભારતની ગાયો વિષેની, પશુધન માટેની, તેઓની કાળજી અને લાગણી વિષે કલાકો સુધી વાતો કરી. તેમના જણાવ્યા પ્રમાણે ગીર--કાંકરેજ ૧૦૦ ટકા શુદ્ધ ઓલાદની ગાયો બ્રાઝિલમાં લાખોની સંખ્યામાં છે. એક ''પરાના'' પ્રાંતમાં જેટલી વસતિ આ ગાયોની છે, એટલી કદાચ સમગ્ર ગુજરાતમાં નહિ હોય. આપણી ગાયોનાં બ્રાઝિલમાં ધણના ધણ છે. બ્રાઝિલની ઈકોનોમીમાં બહુ મહત્ત્વ છે.

શ્રી કૃષ્ણકુમારસિંહજી જયારે બ્રાઝિલ ગયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે ''પરાના'' પ્રાંતની સરકારે તેમને રાજ્યના મહેમાન તરીકે રાખ્યા. ''પરાના''નાં ગવર્નરે પોતાની મોટરમાં સમગ્ર પ્રાંતમાં ફેરવ્યા. ''પરાના'' રાજ્યનો નકશો તેમની સામે ખુલ્લો મૂકી, ગવર્નરે મહારાજા સાહેબને જણાવ્યું કે આપને જોઈએ એટલી જમીન પર વિના સંકોચે નિશાની કરો જે આપને બક્ષિસરૂપે આપવામાં આવશે. મહારાજા સાહેબે ગવર્નરનો આભાર માની આદરપૂર્વક ગવર્નરની વિનંતીનો અસ્વીકાર કર્યો. આ પછી સ્વદેશ પાછા આવ્યા. ઈ. સ. ૧૯૬૫માં મહારાજા સાહેબનું અવસાન થયું.

*વિનિયોગ પરિવાર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨*

**કેવા વિચિત્ર**
**ધોરણો બાંધીને બેઠું છે મન !**
**બીજાના**
**મુખમાંથી નીકળતા**
**જે શબ્દો**
**મનને દુર્વચનરૂપ લાગે છે**
**એ જ શબ્દો**
**પ્રિય વ્યક્તિના મુખમાંથી**
**નીકળ્યા હોય તો**
**એ મશ્કરીરૂપ લાગે છે**
**કોમ્પ્યુટરોનો તાગ**
**મેળવવો સહેલો છે**
**પણ મનનો તાગ મેળવવો**
**એ મહાભારતના યુદ્ધમાં વિજય**
**મેળવવા કરતાં ય કઠિન છે.**

*—મુનિ રત્નસુંદરવિજય*


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૨૩૮૮૯

**: શાખાઓ :**

| ડોન : કૃષ્ણનગર | વડવા પાનવાડી | રૂપાણી-સરદારનગર | ભાવનગર-પરા |
|---|---|---|---|
| ફોન : ૪૩૯૭૮૨ | ફોન : ૪૨૫૦૭૧ | ફોન : ૫૬૫૯૬૦ | ફોન : ૪૪૫૭૯૬ |

| રામમંત્ર-મંદિર | ઘોઘા રોડ શાખા | શિશુવિહાર સર્કલ |
|---|---|---|
| ફોન : ૫૬૩૮૩૨ | ફોન : ૫૬૪૩૩૦ | ફોન : ૪૩૨૬૧૪ |

**તા. ૧૧-૫-૨૦૦૦ થી થાપણો ઉપરના સુધારેલ વ્યાજના દર**

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૪૫ દિવસ સુધી | ૫.૫ ટકા | ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૯.૫ ટકા |
| ૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૧૦ ટકા |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૭ ટકા | ૩ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૦.૫ ટકા |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા | ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૧ ટકા |

**૭૮ માસે ડબલ ઉપરાંત રૂા. ૧,૦૦૦/-ના રૂા. ૨,૦૨૫ મળે છે.**

**સેવિંગ્ઝ તથા ફરજિયાત બચત ખાતામાં વ્યાજનો દર તા. ૧-૪-૨૦૦૦ થી ૫ ટકા રહેશે.**

મનહરભાઈ એચ. વ્યાસ — જનરલ મેનેજર
નિરંજનભાઈ ડી. દવે — મેનેજિંગ ડીરેકટર
વેણીલાલ એમ. પારેખ — ચેરમેન


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોટા બનવાની માસ્ટર કી

એક સંતને કોઈક ભક્તે પૂછ્યું : ''મોટા બનવાની માસ્ટર કી કઈ?'' સંતે મધુર હાસ્ય રેલાવતાં કહ્યું : ''તમને મોટા થવું છે? મોટા થવું હોય તો, પ્રથમ નાના થતાં શીખો?''

''અરે! આ તો આપે સાવ વિચિત્ર વાત કહી મોટા થવા માટે નાના બનવાનું એ કેવું?'' ભક્તે આશ્ચર્ય પામતા પૂછ્યું?

સંતે સમાધાન કરતાં કહ્યું : સાચી વાત છે. જે ઊંચું અને વિશાળ મકાન બાંધવા ઇચ્છે છે, તેને સૌ પ્રથમ નીચેથી શરૂ થતાં પાયાનો વિચાર કરવો પડે છે. પાયા વિના ભવ્ય ઈમારત શક્ય નથી. જેટલું ઊંચું મકાન એટલો એનો પાયો નીચો જવો જોઈએ.

વિનય અને નમ્રતા એ મોટાં પુરુષોની પાયામાં પૂરાએલી બાબત છે. જ્યાં વિનય અને નમ્રતા નથી ત્યાં મોટાઈ નથી, પરંતુ નર્યા આડંબરનું પોલાણ છે.

મોટા બનવા આપણે નાના બનવાની કળાને હસ્તગત કરીએ.

*

**કહેવાય છે કે મહત્તા મોટાની, નાનાની કંઈ કિંમત નથી?**
**તો ઝરણું મીઠું શા માટે? ને સાગર ખારો શા માટે?**

---

With Best Compliments from :

**AKRUTI**
**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કાળ

લેખક : નરોત્તમદાસ અમુલખરાય કપાસી (એડવોકેટ-મુંબઈ)

નથી સમજાતું કે કાળ એ શી વસ્તુ છે. નથી સમજાતું કે એનું સ્વરૂપ શું છે. નથી સમજાતું કે એ જીવન ઉપર અસર કરે છે કે નહિ....કાળ છે તે સમજાય છે. તે અદૃશ્ય છે એમ પણ સમજાય છે. અદૃશ્ય વાયુનો સ્પર્શેન્દ્રિય દ્વારા અનુભવ થાય છે પરંતુ અદૃશ્ય કાળનો એક પણ ઇન્દ્રિય દ્વારા અનુભવ થતો નથી.

સમય વીત્યે નવીન વસ્તુ જીર્ણ બને છે, સડી જાય છે, નાશ પામે છે. સમય વીત્યે બીજમાંથી અંકુર પ્રગટે છે. સમય વીત્યે બીજમાંથી ફળ પ્રાપ્ત થાય છે. સમય વીત્યે વસ્તુના સ્વરૂપમાં પરિવર્તન થાય છે. સમય વીત્યે સ્નેહીની સ્મૃતિ અલ્પ બને છે. સમય વીત્યે યોગ્ય પ્રક્રિયા દ્વારા દૂધમાંથી દહીં બને છે, માખણ બને છે, ઘૃત બને છે, સમય વીત્યે બાલક યુવક બને છે, વૃદ્ધ બને છે અને વિલીન થાય છે. સમય વીત્યે આજ ગઈકાલ બને છે.

ચિંતનમાં અને ભાષા પ્રયોગમાં સમયનો ઉપયોગ કરવો જ પડે છે.

પરિણામે 'સમય' જેવું 'કંઈક' છે એ માન્યા વિના છૂટકો નથી થતો. તે 'કંઈક'ના રૂપ રંગ છે કે નહિ એ અલ્પ મતિ માનવ સમજી શકતો નથી.

જૈનદર્શન 'કાળ' એક દ્રવ્ય છે એમ જણાવીને તેને સ્વીકૃતિ આપે છે.

દ્રવ્ય સર્વ શાશ્વત છે. કાળ પણ શાશ્વત છે. 'કાળ' ક્યારે ઉત્પન્ન થયો, ક્યારે વિનાશ પામશે, ક્યારે તે નહોતો, ક્યારે તે નહિ હોય, એ પ્રશ્નો બાલિશ ભાસે છે. તે અપેક્ષાએ 'કાળ' સદાકાળ હતો અને સદાકાળ રહેશે. તેથી તે શાશ્વત છે. શાશ્વત કાળ 'મહાકાળ' તરીકે ઓળખાય છે.

કાળ અન્ય વસ્તુમાં પરિવર્તન લાવે છે. સાથે એના સ્વ-સ્વરૂપમાં પણ પરિવર્તન લાવે છે. દ્રવ્ય માત્ર પરિવર્તનશીલ છે. તેમ કાળ પણ પરિવર્તનશીલ છે. એ પરિવર્તનશીલ કાળ વ્યવહાર—કાળ તરીકે ઓળખાય છે. અલ્પમાં અલ્પ કાળ કે જેના બે વિભાગ ન થઈ શકે તેને 'સમય' કહેવાય છે. આંખના એક પલકારામાં અગણિત સમય વીતી જાય છે.જે પ્રકાશ એક ક્ષણમાં હજારો યોજન ગતિ કરે છે, તે પ્રકાશને એક મીલીમીટર પસાર કરતાં કેટલો સમય વ્યતીત થાય તે ગણિત દ્વારા નિર્ણીત થઈ શકે. પૂર્ણ ગતિથી ફરતો એક વીજ પંખો એક ક્ષણમાં કેટલું પરિભ્રમણ કરે એ ગણિત દ્વારા નિર્ણીત થઈ શકે. વૃક્ષના હજારો પત્રો એકત્ર કરીને તેના ઉપર તલવાર ચલાવવામાં આવે તો કેટલો સમય વીતે એ ગણિતનો પ્રશ્ન છે.

સમય, આવલિકા, ક્ષણ, ઘડી, મુહૂર્ત, દિન, રાત્રિ, માસ, વર્ષ, યુગ વિગેરે વ્યવહાર કાળના વિભાગો છે. પૂર્વ, પલ્યોપમ, સાગરોપમ વિગેરે પણ વ્યવહાર કાળના જ રૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ભલે તેમાં દીર્ઘ કાળ વ્યતીત થતો હોય, કાળ ચૈતન્ય રહિત છે, છતાં એનું પરિવર્તન વ્યવસ્થિત રીતે થાય છે. દિન અને રાત્રિના કલાકો નિયત જ હોય. એમાં જે રોજ પરિવર્તન આવે તે નિયત અને નિયમબદ્ધ જ હોય. માસના ત્રીસ દિન-રાત હોય, વર્ષના બાર માસ હોય, યુગના વર્ષ પાંચ જ હોય. એક કાળચક્રમાં વીસ કોટાકોટી સાગરોપમ જ વ્યતીત થાય. ઉત્સર્પિણી કાળમાં દસ કોટાકોટી સાગરોપમ જ વ્યતીત થાય અને અવસર્પિણી કાળમાં પણ દસ કોટાકોટી સાગરોપમ જ વ્યતીત થાય.

કાળનો પ્રભાવ પણ વ્યવસ્થિત હોય છે, ઉત્સર્પિણી કાળ દરમ્યાન વિશ્વની પ્રગતિ જ થાય. ઉત્તમ વસ્તુઓની વૃદ્ધિ જ થાય. તે પ્રગતિ અને વૃદ્ધિ ક્રમિક જ હોય અને નિયત પણ હોય.

તે પ્રમાણે અવસર્પિણી દરમ્યાન વિશ્વની અધોગતિ જ થાય. ઉત્તમ વસ્તુઓ હીન, હીનતર થતી જાય. અનિચ્છનીય કૃત્યો વૃદ્ધિ પામતાં જાય. બધું ક્રમિક બને.

યુગલિક ક્ષેત્રોમાં અને મહાવિદેહક્ષેત્રોમાં કાળ એક સરખો જ વહ્યે જાય. અલબત્ત, પરિવર્તનશીલતા, ત્યાંના ક્રમ અનુસાર ચાલુ જ રહે.

અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળ, બન્નેનો સમય દસ કોટાકોટી સાગરોપમ છે. બન્ને મળીને વીસ કોટાકોટી સાગરોપમ છે. તે એક કાળચક્ર કહેવાય છે.

એક કાળચક્રમાં છ આરા અવસર્પિણીના અને છ આરા ઉત્સર્પિણીના હોય છે. તેમના નામ નીચે પ્રમાણે : (૧) સુષમ-સુષમ (૨) સુષમ (૩) સુષમ-દુઃષમ (૪) દુઃષમ-સુષમ (૫) દુઃષમ (૬) અતિ દુઃષમ.

સુષમ-સુષમ કાળ એકાંત સુખમય છે અને દુઃખથી રહિત છે. સુષમ કાળ સુખરૂપ છે. સુષમ-દુઃષમ સમયમાં સુખની માત્રા અધિક અને દુઃખની અલ્પ હોય છે. દુઃષમ સુષમ કાળમાં દુઃખની માત્રા અધિક અને સુખની અલ્પ છે. દુઃષમ કાળ દુઃખમય છે અને અતિ દુઃષમ કાળ અપાર દુઃખમય છે.

વીસ કોટાકોટિ સાગરોપમ પ્રમાણ સમયમાં અઢાર કોટાકોટિ સાગરોપમ પ્રમાણ કાળમાં યુગલિક મનુષ્યો વસે છે. યુગલ સાથે જન્મે છે અને સાથે મૃત્યુ પામે છે. આયુષ્ય અસંખ્ય વર્ષનું હોય છે.

કાળચક્રને શકટ-ચક્ર સાથે સરખાવાય છે. શકટ ચક્રના બાર આરા છે. શકટ ગતિમાન હોય ત્યારે નીચેના આરા ઉપર જાય છે અને ઉપરના આરા નીચે જતાં જાય છે. કાળચક્રના પણ બાર આરા છે. તે પણ નીચેથી ઉપર અને ઉપરથી નીચે જાય છે.ચક્ર જ્યારે ઉપર જાય છે ત્યારે તે ઉત્સર્પિણી ગણાય છે. નીચે જાય ત્યારે તે અવસર્પિણી ગણાય છે.

ભૌતિક સુખ સમૃદ્ધિમાં જેમ વિકાસ અથવા હ્રાસ થાય છે તેમ સુકૃત્યોમાં વિકાસ અથવા હ્રાસ થાય છે. પુણ્યકાર્યમાં વિકાસ અથવા હ્રાસ, કાળ અનુસાર થાય છે.

ઉત્સર્પિણ અને અવસર્પિણી બન્નેમાં છ આરાના નામ સમાન છે પરંતુ ક્રમ વિપરીત છે. ઉત્સર્પિણીમાં પ્રથમ આરો દુઃષમ-દુઃષમ, બીજો દુઃષમ, ત્રીજો દુઃષમ-સુષમ, ચોથો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુષમ-દુઃષમ, પાંચમો સુષમ અને છઠ્ઠો સુષમ-સુષમ છે. તેમનો ક્રમ અવસર્પિણીમાં ઉલટો છે.

દેહથી ઊંચાઈ, આયુષ્ય—પ્રમાણ અને કલ્પવૃક્ષની ફળદાયિતા ઉત્સર્પિણી કાળમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને અવસર્પિણી કાળમાં ઉત્તરોત્તર હ્રાસ પામે છે.

સુષમ-સુષમ સમયમાં માનવ-દેહની ઊંચાઈ ત્રણ ગાઉ પ્રમાણ, આયુષ્ય ત્રણ પલ્યોપમ પ્રમાણ અને કલ્પવૃક્ષોનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે.

સુષમ સમયમાં માનવ-દેહની ઊંચાઈ બે ગાઉ અને આયુષ્ય બે પલ્યોપમ પ્રમાણ છે.

સુષમ-દુઃષમ સમયમાં માનવ-દેહની ઊંચાઈ એક ગાઉ અને આયુષ્ય એક પલ્યોપમ પ્રમાણ છે.

દુઃષમ-સુષમ સમયમાં માનવ દેહની મહત્તમ ઊંચાઈ પાંચસો ધનુષ અને ક્રમિક હાનિ થતાં લઘુતમ સાત હાથ હોય છે. આયુષ્ય મહત્તમ પૂર્વ ક્રોડ વર્ષ અને ક્રમિક હાનિ થતાં લઘુતમ અનિયત છે. કલ્પવૃક્ષોનો અભાવ છે.

દુઃષમ સમયમાં દેહ-પ્રમાણ અને આયુષ્ય અનિયત હોય છે. દુઃષમ આરાના અંતમાં દેહ-પ્રમાણ બે હાથ અને આયુષ્ય વીસ વર્ષનું હોય છે. તે દરમ્યાન દેહ-પ્રમાણ અને આયુષ્ય-પ્રમાણ હીન-હીનતર થતું જાય છે.

દુઃષમ દુઃષમ સમયમાં દેહ પ્રમાણ અને આયુષ્ય બન્ને અનિયત છે, પરંતુ દુઃષમ સમયની અંતિમ પ્રમાણથી અધિક નથી.

આ ભરતક્ષેત્રમાં વર્તમાનમાં પંચમ આરો જે દુઃષમ છે, તે ચાલી રહ્યો છે. તે એકવીસ હજાર વર્ષ પર્યંત રહે છે. શ્રી વીર પ્રભુના નિર્વાણ પછી અલ્પ સમયમાં જ પંચમ આરાની શરૂઆત થઈ છે અને કુલ એકવીસ હજાર પર્યંત રહેશે.

શ્રી તીર્થંકર દેવો, ચક્રવર્તીઓ, વાસુદેવો વિગેરે ૬૩ શલાકા પુરુષ અમુક કાળમાં જ હોય છે. શ્રી તીર્થંકર પરમાત્માની વાણી અનુસાર મુનિ ભગવંતો જૈન શાસનને જ્વલંત રાખે છે, તે પણ અમુક જ આરામા.

દુઃષમ કાળમાં પણ ઉત્તમ આત્માઓ સુંદર ધર્મારાધન કરે છે. પરંતુ ઉત્તમ આત્માઓ વિરલ હોય છે. ઉત્તમ આત્માઓની આરાધના દુઃષમ કાળમાં પણ સુંદર ફળ આપે છે.

*

## શોકાંજલિ

ભાવનગરનિવાસી શેઠશ્રી ચુનીલાલ પોપટલાલ શાહ ઉ. વ. ૮૧ ગત તા. ૨૮-૧૨-૨૦૦૦ના રોજ અરિહંત શરણ પામેલ છે.

તેઓશ્રી આ સભાના વર્ષોથી આજીવન સભ્યશ્રી હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી અને મમતા ધરાવતા હતા. સભા દ્વારા ચાલતી વિવિધ માનદ્ સેવાના તેઓશ્રી હિમાયતી હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે, સાથે સાથે સદ્ગતશ્રીના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ.*

*શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તીર્થ વંદના

સંકલન : હિંમતલાલ અનોપચંદ મોતીવાળા

જૈન શાસનમાં શ્રાવક પ્રતિદિન પ્રાતઃ ઉઠી ''રાઈ પ્રતિક્રમણ''માં છ આવશ્યક ભણી સુગુરુવંદના કરી ''સકલ તીર્થ'' સૂત્ર ભણવામાં આવે છે.

આ સૂત્રમાં જે જે ચૈત્યો અને જે જે જિનબિંબોને વર્તમાનમાં યાત્રા તીર્થો તથા સાધુ ભગવંતોને વંદના કરવામાં આવી છે. સૂત્રમાં કરાયેલ વંદનાનો કુલ સરવાળાનો સૂત્ર જાણતાં કયારેય ખ્યાલ આવતો નથી.

પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયભુવન-ભાનુસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના મુનિશ્રી મુક્તિવલ્લભવિજયજી મ.સા.એ તેમના ''મનને મહેકતું રાખો'' પુસ્તકમાં સુંદર રીતે અને સૂત્રની મહાનતા સમજાય એવા આશયથી સંપૂર્ણ ગણત્રી કરેલ છે જે નીચે મુજબ છે.

**૧. ઊર્ધ્વલોકમાં :**

પ્રથમ દેવલોકમાં ૩૨ લાખ ચૈત્ય,
બીજા દેવલોકમાં ૨૮ લાખ ચૈત્ય,
ત્રીજા દેવલોકમાં૧૨ લાખ ચૈત્ય,
ચોથા દેવલોકમાં ૮ લાખ ચૈત્ય,
પાંચમાં દેવલોકમાં ૪ લાખ ચૈત્ય,
છઠ્ઠા દેવલોકમાં ૫૦ હજાર ચૈત્ય,
સાતમા દેવલોકમાં ૪૦ હજાર ચૈત્ય,
આઠમા દેવલોકમાં ૬ હજાર ચૈત્ય,
નવ-દસમા દેવલોકમાં ૪૦૦ ચૈત્ય,
નવ ગ્રેવેયકમાં ૩૧૮ ચૈત્ય,
અનુત્તરમાં ૫ ચૈત્ય,

કુલ ચૈત્ય ૮૪૯૭૦૨૩ (ચોરાસી લાખ સતાણુ હજાર અને ત્રેવીશ) કુલ જિનબિંબ ૧૫૨૯૪૪૪૭૬૦૮ (એક અબજ બાવન કરોડ ચોરાણુ લાખ, ચુમાલીશ હજાર સાતસો સાઈઠ)

**૨. અધોલોકમાં :**

ભુવનપતિમાં ૭,૭૨,૦૦,૦૦૦ (સાત કરોડ બોંતેર લાખ) ચૈત્યો,

કુલ જિનબિંબો ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ (તેર અબજ નેવાસી કરોડ સાઈઠ લાખ)

**૩. તિછૉલોકમાં :**

નંદિશ્વર વિગેરે ૩૨૫૯ ચૈત્ય

કુલ જિનબિંબો ૩,૯૧,૩૨૦ (ત્રણ લાખ એકાણુ હજાર ત્રણસોવીસ)

૪. વ્યંતર અને જ્યોતિષમાં અસંખ્ય ચૈત્ય

આ સર્વે શાશ્વત ચૈત્યોને 'રાઈ પ્રતિક્રમણ' કરવાથી અપૂર્વ લાભ થાય છે—ભાવભરી વંદના થાય છે.

આ સકલ તીર્થ સૂત્ર પંદર ગાથાનું છે. તેમાં કેટલા ચૈત્યો અને જિનબિંબોને વંદના ઉપરાંત અષ્ટાપદજી, સમેતશિખરજી, વિમલાચલગિરિ, ગિરનારજી, તારંગાજી, શંખેશ્વરજી આદિ તીર્થોને વંદના કરવામાં આવી છે. તથા અઢી દ્વીપમાં રહેલા સાધુ ભગવંતોને વંદના કરવામાં આવી છે. ભવસાગર તરવા માટે ઉત્તમ આરાધના સ્વરૂપ છે.

* * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લિ.

भावनगर मर्कन्टाइल को-ओपरेटीव बेन्क लि. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.

❑ **હેડ ઓફિસ :** લોખંડ બજાર, ભાવનગર ફોન : ૪૨૪૧૮૧, ૪૨૯૧૮૯

**બ્રાન્ચ :** ❖ માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન : ૪૪૫૦૦૮, ૪૪૬૨૬૧

❖ માધવદર્શન, ભાવનગર ફોન : ૪૨૦૭૯૯, ૪૨૬૪૨૧

**થાપણના વ્યાજનાં દરો** (તા. ૯-૮-૨૦૦૦ થી અમલમાં)

❖ સેવિંગ્ઝ ૪.૫ %

❖ ફિક્સ ડીપોઝીટ :

૩૦ દિવસથી ૧ વર્ષ કરતાં ઓછા સમય માટે ૬ %

૧ વર્ષથી ૨ વર્ષ કરતાં ઓછા સમય માટે ૯.૫૦ %

૨ વર્ષથી ૩ વર્ષ કરતાં ઓછા સમય માટે ૧૦.૫૦ %

૩ વર્ષથી ૫ વર્ષ કરતાં ઓછા સમય માટે ૧૧ %

૫ વર્ષ અને ઉપરાંતના સમય માટે ૧૧.૫૦ %

**: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :**

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા** (ચેરમેન)

**શ્રી વલ્લભભાઈ ભાઈલાલભાઈ પટેલ** (વા. ચેરમેન)

**શ્રી ઇન્દુકુમાર ઉકાભાઈ પટેલ** (મેનેજિંગ ડીરેકટર)


**શ્રી પુરુષોત્તમદાસ વૃજલાલ શાહ** (જો. મે. ડીરેકટર)

**શ્રી એમ. સી. પાઠક** (આસી. મેનેજર)

CEL SUVIDHA

Pre-paid Mobile Phone Card

***Anytime - Anywhere - Anybody***




રી-ચાર્જ કુપન ખરીદો,

મોબાઈલ ફોન કવર / એસેસરીઝ

મેળવવા માટે

....ઓથો. ડીસ્ટ્રીબ્યુટર....

**અમુલખ વિઠ્ઠલદાસ**

૧૫, માધવહીલ, ભાવનગર. ફોન : ૪૩૯૨૯૯

વોરાબજાર, ભાવનગર. ફોન : ૫૧૯૪૦૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જાગતાં રે'જો !

લેખક : પૂ. આ. ભગવંતશ્રી વિજયમહિમાપ્રભસૂરીશ્વરજી મ.સા.

**પ્રકાશમાં જીવો !**

કોઈપણ કાર્ય વિવેકના અજવાળે કરીએ તો જ સફળતા મળે. વિવેક વિનાનું કાર્ય અણઘડ અને બેડોળ લાગશે. ''**अविवेकः परमापदां**'' અવિવેક એ સૌથી મોટી આપત્તિ છે. વિવેક ભૂલતાં પ્રમાદી બની જતાં કેવું નુકશાન થાય છે. તેનો પ્રસંગ યાદ આવે છે.

એક બહેન સ્ટવ પર ચા બનાવતા હતા. ચા તૈયાર થયા બાદ સ્ટવ લઈને બાજુમાં મુકવા જતાં, બહેનનો હાથ સ્ટવને અડી ગયો. હાથને સ્ટવ સાથે શોટ લાગતાં પ્રાણ ઉડી ગયો, કારણ બેદરકારી–પ્રમાદથી સ્ટવનો વાલ્વ ખોલવો રહી ગયો હતો. આવી અનેક દુર્ઘટનાઓ પેપર દ્વારા જાણવા મળે છે.

જન્મવું કે મરવું, સર્જન કે વિસર્જન એ તો વિશ્વનો ક્રમ છે, ત્યાં માનવ બુદ્ધિ કામ આવતી નથી. આજનો કરોડપતિ આવતીકાલે સ્મશાનમાં સુવાનો છે એ જ ભૂમિ પર ગરીબ પણ સૂવાનો છે, ત્યાં અમીર કે ફકીરનો ભેદ નથી. પ્રાણીમાત્ર નગ્નદેહે જન્મે છે, જાય છે પણ નગ્નતામાં. આમ શરૂઆત કે અંત સરખા જ છે. જે ફેરફાર કે તોફાન છે, તે તો બધા વચગાળાના છે. વચ્ચેનું તોફાન આખર તો મુકવાનું જ છે. તો પછી આ બધા તોફાનનો અર્થ શો ?

''Live in light'' પ્રકાશમાં જીવો ! પ્રકાશમાં જીવનારને કોઈનો ભય નથી. ભય તો તેને છે, કે જે અંધકારમાં આથડે છે. તમારી પાસે જો પાપ નથી. અસદ્ આચરણ નથી. તો તમારે કોઈથી ડરવાની જરૂર નથી. ડરે છે કોણ ? જેના દિલમાં પાપ હોય તે. નિષ્પાપી છે તે જ નિર્ભય રહી શકે છે. જ્યાં સુધી આંખ કે વાણીમાં તેજ નહિ આવે ત્યાં સુધી નિર્ભય નહિ બની શકો.

એ કદી ન ભુલતાં, કે એક દિવસ જીવન પૂર્ણ કરી રવાના થયે જ છુટકો છે. તો સહેજે થાય કે આવ્યા કેમ ? પોતાની દિવ્યતા પ્રાપ્ત કરવા, આત્માનું પ્રકાશમય તત્ત્વ મેળવવા અને આપણી પૂર્ણતાની છબી મૂકી જવા, કે જે છબીના સહારે અન્ય માનવી દોડ્યા આવે. માટે જ તત્ત્વચિંતકો જણાવે છે કે ''**तमसो मां ज्योतिर्गमय**.''

શ્રમણ ભગવંત મહાવીરદેવે બાર બાર વર્ષ સુધી કઠોર સાધના સાધી દેહના કષ્ટ સહ્યા. અનેકવિધ ઉપસર્ગો વેઠ્યા. આ બધુંય શા માટે ? આત્માનો દિવ્ય-પ્રકાશ મેળવવા. આવી દિવ્યમૂર્તિના તેજપૂંજો અઢી હજાર વર્ષ વીત્યા છતાં હજી પણ ઝળહળી રહ્યા છે, કે જેને સહારે આપણે ચાલીએ છીએ.

આ પ્રકાશ પ્રાપ્ત કરવા સતત જાગૃત રહેવું જોઈએ. જે સદાય જાગૃત રહે છે તે ભલે મહેલમાં હોય કે જેલમાં, શહેરમાં હોય કે જંગલમાં પરંતુ આત્માનું દિવ્ય તત્ત્વ પ્રાપ્ત કરવા સદાય અપ્રમાદી હોય છે. બહારનો કોઈ પણ પદાર્થ તેના જીવનને બંધનકર્તા થતો નથી. તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહાસક્ત ભાવથી મુક્ત થવાની ઝંખના સેવતો હોય છે.

રામાયણનો રચનાર કોણ? એક લુંટારો. લૂંટ-ખૂન કે ચોરી એ જ એનો ધંધો. એવામાં સંતનો સમાગમ થયો. 'રામ' નામના બે જ શબ્દના બળ પર શયતાન મટી સંત બન્યો. બહારની લૂંટ બંધ કરી અંતરમાં રામ નામની લૂંટમાં લીન બન્યો. ચારેબાજુ ઉધઈના રાફડાથી વીંટળાઈ ગયો, છતાં આત્મધૂનમાં પાપના ગાબડાં ખરવા માંડ્યા. સંતનો સહયોગ, રામનું રટણ અને આત્મજાગૃતિ આમ ત્રિભેટો થતા એક આદર્શ મહર્ષિ બની ગયો. કહેવાનો આશય એ છે કે વિવેકનો પ્રકાશ, આત્માની જાગૃતિ અને પ્રમાદનો ત્યાગ આમ ત્રિવેણીનો સંગમ થતા, આત્માના અસત્‌ના અંધારા ઉલેચાઈ જાય છે. અને આત્મદિવ્યતાથી જીવન ધન્ય બની જાય છે. માનવ કઠોર કે દૃઢ હોય છતાં આત્માનું એકાદ તેજ કિરણ મળી જાય તો પાપને ખાખ કરી ભવોભવના થાક ઉતારી શકાય છે. ફક્ત સતત જાગૃતિ જોઈએ. સતત જાગૃતિ જ માનવને ધન્ય બનાવે છે.

**આરિસા ભવન :**

મહારાજા ભરત કે જેમના નામથી આ દેશનું નામ ભારત પડ્યું છે,જે શ્રી ઋષભદેવ પ્રભુના પુત્ર હતા. તેમણે એક પરિચાલક રાખેલ કે જેનું કામ એ હતું કે મહારાજા ભરત ખાતા હોય, પીતા હોય, ફરતા હોય, રાજ્યમાં કે અંતે—ઉરમા હોય ત્યારે એક વાક્ય બોલવાનું ''મહારાજા ભરત? ચેત! ચેત! આ સંસાર અસાર છે'' આ શબ્દના શ્રવણથી મહારાજા ભરત જાગૃત રહેતા. આ જાગૃતિના યોગે પાપને પખાળી પૂર્ણતાને પામ્યા.

**દેખી અંગૂલી આપ અડવી, વૈરાગ્ય વેગે ગયા;**
**છંડી રાજ-સમાજને, ભરતજી કેવલજ્ઞાની થયા.**

પ્રતિભાવંતુ રૂપ, મુખ પર શૌર્યતાનું તેજ, વૈભવવિલાસની વિપુલતા, અખંડ છખંડનું આધિપત્ય આવા મહારાજા ભરત પોતાના આરિસા ભુવનમાં બેઠા હતા. જેની રચના ત્યાગીને પણ રાગી બનાવે તેવી હતી. ભરત આરિસા ભુવનમાં પોતાનું દેહરૂપ જોતા હતાં, એવામાં આંગળીથી વીંટી પડી ગઈ. વીંટી વિનાની આંગળી અડવી લાગી. નવ આંગળીની સુંદરતા અને એકની બેડોળતા જોતા ભરત મહારાજાને પ્રેરણા જાગી. આંગળી બેડોળ શા માટે દેખાય છે? શું વીંટી સરી જતાં આ બેડોળપણું છે? વીંટી વિના આંગળી ખરાબ લાગે છે. તે જોવા માટે નવે આંગળીની વીંટી કાઢી નાખી. વીંટી વિનાની આંગળી કદરૂપી લાગી. આ દૃશ્યથી ભરત વિચારે ચડ્યા.

શું આંગળી વીંટીથી શોભતી હતી! શું હું દાગીનાથી દીપું છું! કે દાગીના મારાથી દીપે છે! આ દેહ કેવળ દાગીનાનો ભાર ઉપાડવા માટે જ છે!

આપણી પણ આ જ દશા છે ને! વસ્તુઓ ન હોય તો આપણને ખરાબ લાગે. જેની પાસે વસ્તુ વધારે તે સારો, અને જે વસ્તુ વિનાનો તે નઠારો. આંખે ચશ્મા ન હોય તો મુખ ખરાબ દેખાય, કાંડે ઘડીયાળ ન હોય તો હાથ બાંડો લાગે, વાળના સુંદર કટ વિના વટ ન પડે તથા સ્નો-પાવડર અને લીપ્સ્ટીકના ઠઠારા વિનાના રૂપ નઠારા લાગે, આવી માન્યતા ઘર કરી ગઈ છે. બહારની શોભામાં જ માનવ ગુંગળાઈ ગયો છે.

મહારાજા ભરત ચિંતવે છે, આ હીરાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીંટીથી આંગળી શોભતી હતી. જો વીંટી હોત તો આંગળી કદરૂપી ન દેખાત, વીંટીથી આંગળી શોભે છે. આંગળીથી હાથ શોભે છે. હાથથી દેહ શોભે છે અ...હા...હા...હા...શું હું દાગીનાથી જ દીપતો હતો ! દાગીના મારાથી દીપતા ન હતા ! આમ વિચારી એક પછી એક દાગીના ઉતરતા ગયા અને આત્મચિંતનમાં ડૂબતાં ગયા.

મારા પિતા ત્યાગી. એમની પાસે એક પણ દાગીનો નથી. દેહ ઢાંકવાનું એક પણ સાધન નથી. છતાં કેવા શોભે છે. જેના ચરણમાં દેવ-દાનવ અને માનવો નમે છે. જેના ગુણોનો કોઈ પાર નથી. વિશ્વપૂજ્ય દેવાધિદેવ બની ગયા. દાગીનાથી દીપતો હું કયાં ! અને વિના દાગીને દુનિયામાં દીપતા મારા પિતા ક્યાં ! આવા મહાન પિતાનો હું પુત્ર. શું તે પાવન પિતાનો પુત્ર આવા દાગીનાથી દેહ દીપાવે ! દુનિયાના ઠઠારા કરી નખરા કરવા મને શોભે ખરા ! આત્મગુણથી દીપતા એ પિતા કયાં ! અને દેહરૂપ પાછળ ભાન ભૂલેલ હું કયાં !

અ...હા...હા...કેવી વિચિત્રતા ! મારા આ દેહને દીપાવનાર હીરા, મોતી કે સોનું કે જે ભૂમિની પેદાશ છે. જેને ભૂમિમાંથી બહાર કાઢી કુશળ કારીગરે ઓપ આપ્યો. સોનાને ટીંપી વીંટી બનાવી. એ વીંટીથી આ આંગળી રૂડી લાગી. એ આંગળીએ હાથ શોભાવ્યો અને હાથથી દેહ દીપ્યો. શું હું આવા ઉછીના લીધેલ દાગીનાથી જ શોભું છું ? તો પછી આમાં મારી શોભા કઈ !

મહા વિચિત્રતા ! કે જે શરીરને મારું માનું છું. તે શરીર ચામડીથી શોભે છે. ચામડી દાગીનાથી અને રંગબેરંગી વસ્ત્રોથી દીપે છે. તો મારા શરીરમાં કંઈ પણ રૂપ નહિ શું કેવળ હાડ-માંસ અને રુધિરનો જ માળો ! તે માળાને મારો માની બેઠો છું ! કેવી ભ્રમણા ! કેવી મહાભૂલ ! કેવો અંધાપો ! કેવળ બાહ્ય પુદ્‌ગલના પરિધાન શોભાથી શોભું છું. તેને જ મારું માનું છું. તેની જ પાછળ મમતા રાખી બેઠો છું.

ખરેખર ! જેનું ધૂળમાંથી સર્જન થયું. ધૂળમાં જ જેનું વિસર્જન થવાનું એવી બહારની શોભા ટકશે ખરી ? શરીર શણગારવા માત્રથી અંદરની શોભા ટકશે ખરી ? જો બહારની શોભાથી અંદરની શોભા રહેવાની નથી, તો પછી આ મૂર્ખામિ શા માટે ! આ દેહ પણ એક દાગીનો છે. એ દેહ મને શોભાવનારી ચીજ છે. મારો આત્મા તો દેહ વિના પણ ટકે છે. દેહ વિના પણ શોભે છે. દેહ એક વખત છોડવાનો છે, તેના પર આવું મમત્વ શા માટે ?

આખી સૃષ્ટિ અનેક સર્જનથી ભરેલી છે. આ દેહ પણ એમાનું એક સર્જન છે. જે સઘળી ચીજ કરતાં અધિક પ્રિય છે. દેહ પણ એક દિવસ ખાખ થઈ ઉડી જશે. આ દેહ પણ મારો નથી, તો દુનિયાની કઈ ચીજ મારી છે ? અરેરે ! બધુંય ભૂલી ગયો. ઊંધે માર્ગે ચઢી ગયો. આત્મભાન ભૂલી મિથ્યામોહમાં ડૂબી ગયો.

રૂપની છલકાતી આ નવયૌવનાઓ, વૈભવથી ઉભરાતો આ મહાલય. છખંડનું આધિપત્ય. આને જ મારું માન્યું; પરંતુ આમાંથી મારું કશુંય નથી. આ કાયા પણ મારી નથી, ત્યાં આ બધી માયા તો મારી થાય જ કયાંથી ? ખરેખર ! હું અત્યાર સુધી અંધારામાં જ હતો. હું તેનો નથી, તે મારા નથી. અંદરની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીજ કોઈ જુદી જ છે; કે જે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્ય છે. જે અનંત અને પૂર્ણસ્વરૂપી છે. તે જ ખરી મારી શોભા છે. બસ હવે તો એ મેળવીને જ જંપીશ.

## પૂર્ણતાને આરે :

આવી ઉદાત્ત ભાવના સાથે પૂર્ણતાની ઝંખના જાગે ત્યારે આત્મોદ્ધાર થઈ શકે છે. બહારની પૂર્ણતા શોધવા જતાં આત્મપૂર્ણતા નહિ મળે. પૈસો, પરિવાર કે પદાર્થો મળી જવાથી પૂર્ણતા ભલે ભાસતી હોય; પરંતુ તમો અધૂરા છો. કાં તો વસ્તુ દગો દેશે અથવા તમે છોડીને ચાલ્યા જશો. વસ્તુ મુકીને જવું પડે અથવા વસ્તુઓ ચાલી જાય તો તેને પૂર્ણતા કહેવાય ખરી ? પૂર્ણતા તો એ છે કે ''જે મળ્યા બાદ ન એ તમને છોડે કે ન તમો એને છોડો.''

મહારાજા ભરતા આત્માની ઐક્યતા અને સંસારની ઉદાસીનતાની ભાવના ભાવતાં, આત્મ-અંધકાર ઉલેચી, આત્માનો પૂર્ણ પ્રકાશ-કૈવલ્ય પ્રકાશથી ઝળહળી ઉઠ્યાં. દેવોને દીધેલ મુનિવેશ સ્વીકારી, સર્વકર્મનો ક્ષય કરી, અક્ષય, અનંત અને આત્મસ્વરૂપ પરમાત્મા પદ પ્રાપ્ત કર્યું.

હીરાથી વીંટી શોભે છે.આ વીંટી હાથને શોભાવે છે. વીંટીને શોભાવનાર હીરો એ પણ બહારની જ ચીજ છે ને ? હીરામાં સ્વયં તેજ જોઈએ. જો હીરામાં જ તેજ ના હોય તો તેને સોનામાં મઢો કે પ્લેટીનમમાં; પરંતુ એ નિરર્થક જ છે, કારણ હીરો નિસ્તેજ છે, પછી તેને કિંમતીમાં કિંમતી ધાતુમાં મઢો પણ તેથી શો ફાયદો !

એથી જ્ઞાનીઓ જણાવે છે કે : ''આત્મામાં જ જો તેજ નહિ હોય તો બહારની શોભા પણ નિરર્થક જ છે. જ્યાં આત્મા જ નિસ્તેજ ત્યાં બહારના રૂપથી શો ફાયદો !'' અંધ બીજાને ન દોરી શકે, દોરનાર સ્વયં તેજવાળો હોવો જોઈએ. તેમ બહારના તેજથી દેહ દીપશે, પણ આત્મા કદાપિ નહિ શોભે, આત્માને શોભાવવા અંદરના તેજ પ્રગટાવવા પડશે.

જેણે આત્માનો પ્રકાશ જાણ્યો છે, તેને બહારના રૂપો ઝાંખા દેખાશે; પરંતુ સખેદ કહેવું પડે છે, કે આજનો માનવ બહારના ભભકતા સાધનોમાં તણાઈ જતાં આત્માથી નિસ્તેજ બનતો ગયો છે. આત્મતેજ વિનાનો માનવ જાગતો છતાં ઊંઘતી દશામાં જ છે. જેથી બહારના ખર્ચાળ રૂપકડાં સાધનો પાછળ અટવાઈ જવાથી સત્-અસત્‌ની વિવેક દૃષ્ટિ ખોઈ બેઠો છે. વિલાસ વિનોદ અને વિષયની અકળામણમાં આત્મ-સામર્થ્ય હણાતું જાય છે.

માટે જ જ્ઞાનીઓ જણાવે છે, કે પ્રમાદનો ત્યાગ કરો ! વિવેક દૃષ્ટિ ખોલો ! આત્મ-સામર્થ્યને જગાડો ! ચૈતન્યશક્તિને પ્રગટ કરો ! જેથી આત્મા પૂર્ણતાના પંથે વિચરી, અનંત ચતુષ્ટયના ભોક્તા બને, આપણે પણ પરમ પદારૂઢ બનીએ એ જ શુભભાવના.

*સંકલન : મુકેશ સરવૈયા*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ.પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી
## જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

(હપ્તો ૨૨મો) (ગુરુવાણી ભાગ-૨માંથી સાભાર....)

એક વખત અકબર જાતે ચંપાની દિનચર્યા નિહાળવા આવ્યો. ચંપાના મુખ પર તપનું તેજ ચમકી રહ્યું હતું. બાદશાહે જે કલ્પના કરી હતી તેના કરતાં અહીં કંઈક જુદું જ હતું. આહકારા—સીસકારાને સ્થાન ન હતાં. ચંપાની કળી જેવી ચંપા શ્રાવિકા ખીલેલી હતી. બાદશાહ પૂછે છે કે બેન ! આ તપ તું શાથી કરી શકે છે ? દેવ અને ગુરુની કૃપાથી. બેન ! તારા દેવ કોણ અને ગુરુ કોણ ? શત્રુંજય શિખરોને શોભાવતા આદિનાથ દાદા મારા દેવ છે અને ભારતની ભૂમિને શોભાવતા પૂ. આચાર્ય મહારાજ હીરસૂરિશ્વરજી મારા ગુરુ છે. ઓહ ! હીરસૂરિજી આ નામ તો મેં ઘણી વાર સાંભળ્યું છે. એ ઓલિયા પુરુષના મારે દર્શન કરવાં છે. તે હાલમાં ક્યાં બિરાજમાન છે ? રાજન્ ! તે અત્યારે ગંધારમાં બિરાજમાન છે. અકબરે તરત જ અમદાવાદના સૂરા ઉપર પત્ર લખ્યો અને જણાવ્યું કે વિજયહીરસૂરિજીને શાહી સન્માનપૂર્વક ફતેપુરમાં મોકલો. અમદાવાદના સૂબાના હાથમાં પત્ર આવતાં જ તેના તો હાજાં ગગડી ગયા. અમંગલ આશંકાથી તેનું અંતર ઘેરાઈ ગયું. સંઘને બોલાવી પત્ર સોંપ્યો. અમદાવાદના આગેવાનો ગાંધાર પહોંચી ગયા. સાધુઓની શિષ્ટ મંડળીમાં પત્ર વંચાયો. બધા બોલી ઉઠ્યા કે આવા ક્રૂર ઘાતકી બાદશાહનો વિશ્વાસ શો ? બાદશાહ કંઈક ન કરવાનું કરી દે તો ? સંઘ સમુદાયની ઈચ્છા આચાર્ય ભગવંત સમ્રાટ પાસે ન જાય તેવી હતી. છેલ્લો નિર્ણય જગદ્ગુરુ હીરસૂરિ મહારાજને સોંપ્યો. જગદ્ગુરુએ કહ્યું કે લાખોને પ્રતિબોધવાથી જે લાભ ન થાય તે એકલા સમ્રાટને સદ્બોધ આપવાથી થઈ શકે છે. કદાચ મારા નિમિત્તે જૈન શાસનની પ્રભાવના થવાની હોય તો આ અવસર ગુમાવવા જેવો નથી.

**ગંધારથી વિહાર દિલ્હી તરફ :—**

ગુરુવર્યની મક્કમતા જાણીને સહુએ મૂક સંમતિ આપી. ૧૬૩૯ના માગશર વદિ ૭ના ગંધારથી વિહાર કર્યો. વિદ્વાન સાધુ મહાત્માઓનો વિશાળ પરિવાર સાથે હતો. ગામોગામ જૈન ધર્મના ઝંડાને લહેરાવતા જગદ્ગુરુ અમદાવાદમાં આવ્યાં. શાહી સન્માનથી તેમનો નગર પ્રવેશ કરાવ્યો. એકાંતમાં અમદાવાદના સૂબાએ સૂરિજીને વિનંતી કરતા જણાવ્યું કે સૂરિજી ! આપ મારા અપરાધની ક્ષમા કરો. પૂર્વે આપને બહુ હેરાન—પરેશાન કર્યા છે. બાદશાહ આગળ મારી કોઈ ફરિયાદ ન કરશો. હું આપની વારંવાર ક્ષમા માગું છું. સિયાબખાનની વાત સાંભળીને સૂરિજી બોલ્યા કે આપ ચિંતા કરશો નહીં અમને તો આવું કશું યાદ રાખવાની જરૂર પડતી નથી. સર્વ જીવો પ્રતિ પ્રેમથી અમારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષમાભાવ જ હોય છે. સૂરિજીના વચનથી ખાન ખૂબ પ્રસન્ન થયો. શાહી ફરમાન પ્રમાણે હાથી—ઘોડા—પાલખી વગેરે સામગ્રી તેમની સામે ધરી. સૂરિજીએ બધી સામગ્રીનો ઇન્કાર કર્યો. અમે તો અપરિગ્રહી છીએ અમારે આ પરિગ્રહની જરૂર નથી. સૂરિજીની પહેલાં વિદ્વાન સાધુઓ ફતેહપુર સીક્રીમાં પહોંચી ગયા. બાદશાહની પૂર્ણ ભક્તિ છે, કોઈ બદદાનતની બદબૂ નથી એ વાત જાણતાં જ આચાર્ય ભગવંતને જલ્દી પધારવા નિમંત્રણ આપ્યું.

**દિલ્હીમાં સામૈયું ને મિલન :—**


સંઘના માણસોએ સૂરીશ્વરના આગમનના સમાચાર આપ્યા. બાદશાહે અબૂલફઝલને સામૈયું કરવાનું કહ્યું. ભવ્ય સામૈયું થયું. સૂરિજી રાજાના મહેલે આવે છે. અકબર સામે આવે છે. સૂરિજીની પ્રભાવશાળી મુખમુદ્રા જોઈને જ અંજાઈ જાય છે. રાજ-મહેલમાં પધરામણી કરાવે છે. રાજમહેલમાં ચારે બાજુ કારપેટ પાથરેલી છે. સૂરિજી કહે છે કે અમારે આની ઉપર ન ચલાય, આની નીચે કોઈ જીવ હોય તો મરી જાય. બાદશાહને મનમાં હસવું આવે છે. રોજ આટલી સાફ સફાઈ જ્યાં થતી હોય ત્યાં જીવો કેવા ? પણ સૂરિજીના કહેવાથી કારપેટ ઉંચી કરે છે. ઉંચી કરતાંની સાથે જ હજારો કીડીઓ નીચે ફરતી દેખાય છે. બાદશાહને આ જોઈને આશ્ચર્ય થાય છે કે અરે આ તો કોઈ મહા ઓલિયો લાગે છે, કારપેટની નીચે રહેલી કીડીઓ પણ તેમને દેખાઈ. બાદશાહના મગજમાં પહેલી જ મુલાકાતે મહાજ્ઞાની પુરુષ તરીકેની છાપ પડી ગઈ. ધીમે ધીમે પરિચય ગાઢ બનતો ગયો. નવી નવી વાતોથી બાદશાહ ખુશ—ખુશ થઈ ગયો. દર મુલાકાતે આચાર્ય ભગવંતે કંઈક માંગવાનું કહે આચાર્ય ભગવંત કહે કે મારે તો કાંઈ જોઈતું નથી. **'પણ ખેર કરો ને મહેર કરો'** દુ:ખિયા પર દયા કરો અને નિરપરાધી જીવો પર મહેર કરો....

બાદશાહ એટલો પ્રભાવિત બની ગયો કે હીરસૂરિ મહારાજ જે ફરમાવે તે કરવા તૈયાર હતો. ચોમાસું આગ્રામાં હતું. પજુષણપર્વના દિવસો આવતાં શ્રાવકોએ ત્યાં જઈને જણાવ્યું કે આચાર્ય હીરસૂરિજીએ આપને જણાવ્યું છે કે પજુષણના આઠ દિવસ હિંસા બંધ રહે તો ઘણું સારું....સાંભળીને બાદશાહ બોલ્યો કે ગુરુદેવે મારા પર કૃપા વરસાવી છે. આટલે દૂર આવ્યા છતાં મેં ઘણી વિનંતી કરવા છતાં કશું માંગ્યું નથી. આજે માંગ્યું તો પ્રાણીઓનું હિત થાય તેવું માંગ્યું. આગળ-પાછળ બે-બે દિવસ ઉમેરી ૧૨ દિવસ સુધી કોઈ હિંસા કરશે નહીં. હિંસા કરશે તેને સખત દંડ થશે તેવું ફરમાન પણ બહાર પાડું છું. ધીમે ધીમે કરતાં સૂરિજીએ બાદશાહ પાસેથી છ-છ મહિનાના ફરમાનો લખાવી લીધા. ૬ મહિના સુધી સમગ્ર હિન્દુસ્તાનમાંથી હિંસા બંધ કરાવી. ડાબર સરોવર જે ૧૦ કિલોમીટરના ઘેરાવામાં હતું. આમ તો જંગલ હતું. પણ તે સરોવરના નામે ઓળખાતું. રાજા શિકારનો ખૂબ શોખીન હતો...આ જંગલમાં તેણે હજારો પ્રાણીઓને કેદ કર્યા હતાં. જે દિવસે શિકારની ઇચ્છા થાય તે દિવસે તે ત્યાં જઈને અનેક પ્રાણીઓને નિરર્થક હણીને આનંદ માનતો. ખુશ થયેલા રાજા પાસેથી સૂરિજીએ ડાબર સરોવરના પ્રાણીઓને જીવતદાન અપાવ્યું. બાદશાહ સંપૂર્ણ અહિંસાનો ઉપાસક થયો. *(ક્રમશ:)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A L A N K A R



PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE

We Support your Back-Bone

**ALANKAR FURNITURE**

VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR

આણા તથા વૈણાની એક્સક્લુઝીવ સાડીઓ
માટે વિશ્વાસપાત્ર સ્થળ એટલે જ



*Bela*

*Exclusive Sari Show-Room*

Haveli Street, Vora Bazar, Bhavnagar-364001
Phone : (O) 420264 (R) 426294

For Private And Personal Use Only

With Best Compliments From :

SHAH Electricals

AUTHORISED DISTRIBUTORS

| | | |
|---|---|---|
| **VINAY** | **REFLEX** | **METRO POWER** |
| ELECTRICAL GOODS | Wire & Cable | Minolta Fittings |
| **COZY** | **JENI** | **CROWN** |
| Unbreakable Accessories | Chowk - Patti | Water Pumpset |
| **SURYA** | **SUPER-WIZ** | **JUG-MUG** |
| Lamps-Tubes | Universal Instant Adhesive | Lamps-(Fancy) |
| **SONAL** | **CUTE** | **ENCORE** |
| Bopp Adhesive Tapes | Modular Range | Mixer-Grinder |
| **BAJAJ** | **MYSORE** | **CORD LESS** |
| Instant Geyser | Lamps - Tubes & Luminaires | **BELL PHONES** |

Mota Faliya, Nanbha Street, BHAVNAGAR-1 ✆ : O. 421705, R. 510921 FAX : 421250

**દવા લીધા વિના ટોનીક લેવા જનારો દર્દી, જેમ દર્દને**
**રવાના કરવામાં સફળતા પામતો નથી.**
**તેમ**
**જીવમાત્ર પ્રત્યે પ્રેમ કેળવ્યા વિના પરમાત્માની ભક્તિ**
**શરૂ કરી દેનારો સાધક, દોષનાશ કરવામાં સફળતા પામતો નથી.**

With Best Compliments From :

*Unique Agencies*

**PHARMACEUTICAL DISTRIBUTORS**

J.A.S. BUILDING, KHARGATE, BHAVNAGAR-364001 (GUJARAT)

PH. (0278) O. 432118, 430443 R. 436708, 422983

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જિનશાસનમાં નવનું મહત્ત્વ

૧ શ્રી નવકાર મંત્રના પદ નવ
૨ શ્રી નવ સ્મરણ
૩ શ્રી નવ કષાય
૪ શ્રી જીવતત્ત્વ નવ
૫ શ્રી પરિગ્રહના પ્રકાર નવ
૬ શ્રી પુણ્યના પ્રકાર નવ
૭ શ્રી પાર્શ્વનાથ પ્રભુની કાયા નવ
૮ શ્રી ધાતુના પ્રકાર નવ
૯ શ્રી અભયકુલક ગાથા નવ
૧૦ શ્રી નિધિઓ નવ
૧૧ શ્રી શત્રુંજયના ખમાસમણા નવ
૧૨ શ્રી બ્રહ્મચર્યની વાડ નવ
૧૩ શ્રી કલ્પવૃક્ષના વ્યાખ્યાન નવ
૧૪ શ્રી નવકારવાળીના પારા ૧૦૮
૧૫ શ્રી ૧૦૮ દીવાની આરતી
૧૬ શ્રી ચરવળાના આકા નવ
૧૭ શ્રી દાદાની ટુંક નવ
૧૮ શ્રી આંબેલની ઓળી નવ દિવસ
૧૯ શ્રી અઢાર અભિષેક
૨૦ પૂજનમાં ઝાલરના ડંકા સત્યાવીશ
૨૧ શ્રી પિસ્તાલીશ આગમ
૨૨ શ્રી પિસ્તાલીશ છોડનું ઉજમણું
૨૩ શ્રી પ્રભુજીને નવે અંગે પૂજા
૨૪ શ્રી નવ્વાણું પ્રકારી પૂજા
૨૫ શ્રી નવ્વાણું યાત્રા
૨૬ શ્રી ઉવસગ્ગહરં માળાના ૨૭ પારા
૨૭ મહારાજ સાહેબના ડંડાસણમાં ૯ આંક
૨૮ શ્રી નવખંડા પાર્શ્વનાથ દાદાને ૯ દિવસે બહાર કાઢવામાં આવેલ
૨૯ શ્રી નવખંડા પાર્શ્વનાથ દાદા ૯ અંગે ખંડિત
૩૦ શ્રી નવખંડા પાર્શ્વનાથ દાદાને ૯ મણ લાપસીમાં રાખવામાં આવેલ
૩૧ શ્રી અઢાર પાપ સ્થાનક
૩૨ આચાર્યશ્રીના ૩૬ ગુણો
૩૩ સાધુ મહારાજના ૨૭ ગુણો
૩૪ દેરાસરજીનું નવ નિર્માણ
૩૫ ત્રણ ચોવીસીના ભગવાન ૭૨
૩૬ શાંતિ સ્નાત્રમાં ૯ ગૃહનું પાટલાપૂજન
૩૭ શ્રી મહાવીરસ્વામી ભગવાનનું ૭૨ વર્ષનું આયુષ્ય
૩૮ મોક્ષના પદ નવ
૩૯ શ્રી મહાવીરસ્વામીના શાસનમાં તીર્થંકર પ્રાપ્તિ નવ
૪૦ શ્રી પાર્શ્વનાથ પ્રભુના નામ ૧૦૮
૪૧ શ્રી શત્રુંજય તીર્થના નામ ૧૦૮
૪૨ ઢાઈદ્વીપ ૪૫ લાખ યોજન પ્રમાણ છે.
૪૩ શ્રી શત્રુંજયના ખમાસમણા ૧૦૮ છે.
૪૪ શ્રી આદેશ્વર ભગવાને ૯૯ વાર શત્રુંજય યાત્રા કરી છે.
૪૫ પરમ પૂજ્ય ૧૦૦૮ શ્રી નેમિસૂરિજી મ.સા.

*રજૂકર્તા : બી. કે. મહેતા (કમળેજવાળા)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash ❑ જાન્યુઆરી : ૨૦૦૧ ❑ Regd. No. GBV 31

चित्तरत्नमसंक्लिष्टमान्तर परमं धनम् ।
तदासादितवान् मर्त्योऽकिञ्चनः सन् महेश्वरः ॥

卐

ક્લેશોથી મુક્ત એવું ચિત્તરત્ન એ મોટામાં મોટું આંતરિક ધન છે. એ જેણે પ્રાપ્ત કર્યું છે તે અકિંચન (નિર્ધન) છતાં મહેશ્વર (મહાન્ ઐશ્વર્યશાલી) છે. ૩૩

卐

The gem-like mind free from all the impurities of passions, is the internal wealth of the highest type. He who has gained this gem, is indeed, Maheshvara though penniless.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૫, ગાથા-૩૩, પૃષ્ઠ ૯૬)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાયેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only